# એકમ–11 HTML અને XML નો પરિચય INTRODUCTION TO HTML AND XML

: રૂપરેખા :

11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 વલ્ડ વાઇડ વેબ અને માર્કઅપ ભાષાઓ
11.3 પ્રમાણિત સામાન્યીકરણ થયેલ માર્કઅપ ભાષા(SGML)
11.4 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા(HTML)
11.4.1 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ (HTML) ભાષાની પ્રસ્તાવના
11.4.2 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ (HTML) ભાષાનાં લક્ષણો
11.4.3 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ (HTML) ભાષાનો સંપાદક
11.4.4 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ (HTML) ભાષાના નિયંત્રકોની રચના
11.4.5 વેબપૃષ્ઠનું માળખું
11.5 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ (HTML) ભાષાના મૂળભૂત બંધકો
11.5.1 જોડાણે
11.5.2 વેબપૃષ્ઠના સરનામાં
11.6 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા અને બ્રાઉઝર્સ
11.7 વિસ્તારશીલ માર્કઅપ ભાષા (HTML)
11.7.1 વિસ્તારશીલ માર્કઅપ ભાષા (XML) માટેની જરૂરિયાત
11.7.2 વિસ્તારશીલ માર્કઅપ ભાષા(XML)ના હેતુઓ
11.7.3 વિસ્તારશીલ માર્કઅપ ભાષા(XML)ના લક્ષણો
11.7.4 વિસ્તારશીલ માર્કઅપ ભાષા (XML) ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાથી કેવી રીતે જુદી પડે છે
11.7.5 વિસ્તારશીલ માર્કઅપ ભાષા(XML)ના લાભ
11.8 વિસ્તારશીલ ભાષા (XML)વાક્યરચના અને અર્થસૂચક બંધકો
11.8.1 વિસ્તારશીલ ભાષા (XML)ની વાક્યરચના
11.8.2 વિસ્તારશીલ ભાષા(XML) ના અર્થસૂચકો બંધકો
11.9 પ્રલેખ પ્રકારે વ્યાખ્યા(DTD)
11.10 ગ્રંથાલય અને માહિતી પ્રવૃત્તિઓમાં વિસ્તારશીલ, માર્કઅપ ભાષા(XML)નો સમાવેશ
11.11 સારાંશ
11.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
11.13 ચાવીરૂપ શબ્દો
11.14 સંદર્ભો અને વિશેષ વાચન

## 11.0 ઉદ્દેશો (OBJECTIVES)

અગાઉના એકમમાં તમે વિવિધ સંગઠનો અથવા જુદા જુદા વિષયનિષ્ણાંતો સૂચિત અને વેબ ઉપર વિષયવસ્તુ વિકસાવનાર સંગઠનો દ્વારા વિકસાવેલ માર્ગદર્શિકાઓ, ધોરણો અને માનાંકોથી પરિચિત થયેલા છે. ઇન્ટરનેટે તેમાં સંગઠિત કરી શકાય તેવી માહિતીની રીતભાત બદલી નાંખેલ છે. નેટ ઉપર

માહિતીનું સંગઠન કેવી રીતે કરી શકાય, તે જાણવું પણ જરૂરી છે જેનો આપણે આ એકમમાં અભ્યાસ કરીશું.

- **આ એકમના અભ્યાસ બાદ તમે આ બાબતોથી સક્ષમ બનશો.**
- વલ્ડ વાઈડ વેબનો અર્થ શું થાય, તે સમજશો.
- માર્કઅપ ભાષાઓના કાર્યો અને વિચારધારાઓ સમજશો.
- ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા (HTML) અને વિસ્તારશીલ માર્કઅપ ભાષા(XML)નું માળખું, બંધકો અને વાક્યરચના વિશે શીખશો.
- કેટલાંક વેબપૃષ્ઠમાં તેની પ્રયોજિતતાઓ જણાશો.

## 11.1 પ્રસ્તાવના(INTRODUCTION)

ઈન્ટરનેટે આજે તમામ ક્ષેત્રોમાં જીવનશૈલી બદલી નાખી છે. તેણે તત્ક્ષણ ઓનલાઈન જોડાણો અને પ્રત્યાયનનું સમગ્ર વિશ્વમાં સર્જન કર્યું છે. તેની સાધ્ય વ્યવહારીક ટૅકનૉલૉજીને કારણે ઈન્ટરનેટનો છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેની લોકપ્રિયતામાં ખૂબ જ ઝડપી વિકાસ થયો છે. પાઠ આધારિત પર્યાવરણમાંથી બટન દબાવી શકાય અને જોડાણ કરી શકાય તેવા વિશ્વમાં પરિવર્તન થવા પામેલ છે. આ કોણે શકય બનાવ્યું. તે છે વલ્ડ વાઈડ વેબ. ઈન્ટરનેટે આજે બહુમાધ્યમી પ્રત્યાયન માર્ગ થવા પામેલ છે જેમાં ડેટાનું તમામ માળખાઓમાં રૂપાંતર થઈ શકે છે.

ઉચ્ચસ્તરીય (હાઈપર મીડિયા)માધ્યમ અને ઉચ્ચસ્તરીય પાઠ (હાઈપર ટેક્સ)નો ઈન્ટરનેટ ઉપર ઉપયોગ એટલો બધો વધુ દૃઢ થવા પામેલો છે કે વલ્ડ વાઈડ વેબનો બહુ માધ્યમ સિવાય વિચાર કરી ન શકાય અને વલ્ડ વાઈડ વેબ એ ઈન્ટરનેટ પદનો સમાનાર્થી બનવા પામેલો છે. ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાએ ઈન્ટરનેટ ઉપર માહિતી રજૂ કરતી ભાષા છે. તે દૃશ્ય, શ્રાવ્ય, પાઠ અને છાપને સુવિધા પૂરી પાડે છે. ઉચ્ચસ્તરીય પાઠ અને ઉચ્ચસ્તરીય જોડાણએ સાંપ્રત સમયના ઈન્ટરનેટનું પાયાગત લક્ષણ છે.

## 11.2 વલ્ડવાઈડ વેબ અને માર્કઅપ ભાષાઓ(WORLD WIDE WEB AND MARKUP LANGUAGES)

વલ્ડ વાઈડ વેબ **(WWW)**ની રચના સમગ્ર ઈન્ટરનેટ ઉપરના અનેક સ્થળોએથી માહિતી, ફાઈલો અને ડેટાને પ્રદર્શિત, વિતરણ અને માહિતી શોધ માટે થઈ છે. વલ્ડ વાઈડ વેબનો ઉપયોગ વેબ પ્રલેખ જોવા માટે થયો છે અને આજે વેબ પ્રલેખ અમુક ખાસ પ્રકારની ભાષાઓમાં વલ્ડ વાઈડ વેબની સહાય દ્વારા લખવામાં આવે છે જે કોઈ પ્રોગ્રામીંગ ભાષા નથી. ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાનો ઉપયોગ વેબ વિષયવસ્તુનું વેબપૃષ્ઠોમાં દર્શાવવા માટે થાય છે.(**Slack Inc 2001**)

માર્કઅપ શબ્દનો અર્થ 'કોઈ વિશેષ રીતે છાપવાની સૂચના આપવી' થાય છે. પ્રૂફ રીડીંગની જેમ જ જેમાં સંપાદક પાઠમાં ચિહ્નાંકિત કરીને સૂચના આપે છે. દા.ત કોઈ શબ્દ નીચે રેખા દોરી છાપકામમાં તે શબ્દ ઘાટા અક્ષરે છાપવા સૂચના આપે છે તે જ રીતે વિજાણુ લખાણને વેબપૃષ્ઠ પર દર્શાવવા માટે બ્રાઉઝરને પાઠને સંલગ્ન સૂચનાઓ આપવામાં આવે છે જેથી વેબપૃષ્ઠની રજૂઆતમાં પાઠનું પદચ્છેદ સમજી શકાય.

પરંતુ માર્કઅપનો ડેટા પુનઃપ્રાપ્તિ માટે પણ ખાસ કરીને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્ર થાય છે. એકવાર પ્રલેખનું માળખું નક્કી થઈ જાય પછી કોઈ પણ વ્યક્તિ સરળતા જાણી શકે છે કે પ્રલેખનો કયો ભાગ કયા પ્રકારની માહિતી ધરાવે છે દા.ત ઈ મેઈલનું નિશ્ચિત માળખું હોય છે અર્થાત, તે નીચે દર્શાવ્યા પ્રમાણે દેખાશે

| | | |
|---|---|---|
| To | : | inder@ignou.ac.in |
| From | : | rakesh@ignou.ac.in |
| Date | : | Tue, 26 Jan 2005 01:00:58-800 |
| Subject | : | Memo |

Kindly inform me the time table of termend examination of MLIS Course

Regards

Rakesh

જો આપણે આ ઇ-મેઈલ નું અવલોકન કરીશું તો આપણે નીચેના ક્ષેત્રો જોઈ શકીશું.

To From Date Subject Body

એકવાર જો ફીલ્ડ જાણી શકાયતો ઇ-મેઈલ માંથી માહિતી મેળવવી ખૂબ જ સરળ બની જાય છે આ માર્કઅપનું એક વિશિષ્ટ ઉદાહરણ છે.

માર્કઅપ ભાષાએ સાંકેતીકરણ કરવા માટે વપરાતા પરંપરાગત મુકત સમૂહથી કશું વધારે હોઈ ન શકે. માર્કઅપ ભાષાએ કયા માર્કઅપને અનુમતિ આપે છે, કયા માર્કઅપ જરૂરી છે, પાઠથી માર્કઅપ કેવી રીતે જુદા પાડી શકાશે અને માર્કઅપનો અર્થ શું છે તેનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ. પ્રમાણિત સામાન્ય માર્કઅપ ભાષા આ પૈકી ફકત ત્રણ માટે જ સાધન પૂરું પાડે છે. તે કોઈ પણને અનુમતિ આપે છે કે તમે માર્કઅપનો સ્વતંત્રપણે ઉપયોગ કરી શકો છો અને જણાવી શકો છે કે શા માટે આ માર્ક વાપરવામાં આવ્યું છે. માર્કઅપને સમજવા અને તેનો ઉપયોગ કરવા અર્થસૂચક વધારાની માહિતી આવશ્યક હોય છે જે પરિસ્થિતિ અનુસાર જુદી પડે છે. પ્રમાણિત સામાન્ય માર્કઅપ ભાષાથી જાણકાર પ્રોસેસર, પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષા દ્વારા સાંકેતીકરણ થયેલ પ્રલેખનું માળખાનું તેના અર્થને સમજયા સિવાય પૃથક્કરણ કરી શકે છે. આપેલા ખુલ્લા અંતવાળા વિજાણું પાઠય પ્રયોજિતતામાં સ્વતંત્રતા જરૂરી છે. અલબત્ત, પાઠનું સાંકેતિકરણ કરનારના ઈરાદા અગત્યના નથી અથવા નિરર્થક છે એવું અંતર્નિહિત થતું નથી, ફકત ઔપચારિક રીતે સાંકેતિકરણ થી જાતે જ તેઓ જુદા પડે છે.

જયારે બધી જ માર્કઅપ ભાષાઓ પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષાઓની પરિભાષામાં દર્શાવેલ હોય ત્યારે જાણ મૂળભૂત વિભાવનાઓનું જ્ઞાન હોવું જરૂરી છે. આ ત્રણ બાબતો આ પ્રમાણે માર્કઅપ એકમો અંગેનો ખ્યાલ, માર્કઅપનાં તત્ત્વો અને તેની સાથે સંયોજાયેલ લક્ષણો અને પ્રલેખનો પ્રકાર. તમે જાણો છો તે પ્રમાણે પાઠનું નિર્માણ પ્રાથમિક સ્તરે સાદી રીતે સંકેતોની પદ્ધતિઓના(ડેટાના અક્ષરો અથવા બાઈટ્સ, પૃષ્ઠ ઉપરના ચિહ્નો, આલેખન વગેરે) એકત્રીકરણથી થાય છે. આ તમામ પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષામાં એકમો તરીકે ઓળખવામાં આવે છે. સારાંશની ઉચ્ચકક્ષાએથી આપણે જોઈએ તો પાઠનું સંકલન જુદાજુદા પ્રકારની વસ્તુઓના વર્ણનથી ભાષાકીય રીતે અથવા કાર્ય આધારિત રીતે થાય છે. આવી વસ્તુઓ પાઠમાં અસંગત રીતે દેખાતી નથી સામે પક્ષે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે વસ્તુઓ એવા પ્રકારે દેખાય કે તેમના વચ્ચે નિશ્ચિત સંગતતા હોય. દા.ત. તેઓ એકબીજાની અંદર જ સમાવિષ્ટ હોય છે. સંદર્ભ દ્વારા સીધા ક્રમથી એકબીજા સાથે જોડાયેલ હોય છે. વર્ણન કરવાના આ તબક્કામાં એવી ખામી હોય જેને પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષામાં તત્ત્વો કહે છે. વ્યાકરણ વ્યાખ્યાયિત કરે છે કે પાઠના કોઈ એક ખાસ વર્ગ જેને પ્રલેખ પ્રકાર તરીકે ઓળખવામાં આવે છે તેમાં તત્ત્વો નિયમાનુસાર કેવી રીતે જોડાઈ શકે છે. આ ત્રણ મૂળભૂત વિભાવનાઓ સાથે રાખીને દાવો કરી શકાય છે કે ગમે તે પ્રકારના અને ગમે તે હેતુ માટેના પાઠોને માર્કઅપ ની જટિલતા વર્ણવા માટે સક્ષમ છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

1. WWW(વર્લ્ડ વાઈડ વેબ)નો અર્થ શું છે ?
2. ઉચ્ચસ્તરીય પાઠ(Hypertext) ઉચ્ચસ્તરીય જોડાણ(Hyperlink) અને ઉચ્ચસ્તરીય માધ્યમ(Hyper media) વચ્ચે ભેદ સમજાવો.
3. માર્કઅપની વ્યાખ્યા આપો.

નોંધ :- (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(2) આ એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 11.3 પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષા(STANDARD GENERALIZE MARKUP LANGUAGE (SGML))

પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષાના હેતુઓ અન્ય માર્કઅપ ભાષાઓને સામાન્ય માળખું આપવાનો હોય છે. આ રીતે તે મેટા(Meta) ભાષા છે જે બીજી માર્કઅપ ભાષાઓના વિકાસમાં સહાય કરે છે. દા.ત. વિસ્તારશીલ માર્કઅપ ભાષા(XML - extensible Markup Language) એ પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષાની એક ઉપએકરૂપ ભાષા છે. તે મૂળભૂત રીતે સમાવિષ્ટ પાઠમાં અર્થપૂર્ણતા જાળવી શકે છે. તેનો પાઠની રચના કરવા માટેનો હેતુ નથી. મૂળભૂત રીતે તેનો હેતુ પ્રલેખનું માળખું જાળવી રાખવાનો હતો.

પ્રમાણિત સામાન્યીકરણ માર્કઅપ ભાષાએ પાઠની રચના કરવા માટેની પદ્ધતિ નથી,(જો કે તેનો ઉદ્દભવ વિજાણું પાઠની રચના કરવાના વિશ્વમાં તૈયાર રીતે અલગ તારવી શકાય છે.) અથવા Tex અથવા Post Script જેવી ભાષાઓનો સ્પર્ધક છે. આ ભાષાઓ પાઠ પડદા ઉપર અથવા મુદ્રણ(Print) ઉપર કેવી રીતે દેખાશે તે વ્યાખ્યાયિત કરે છે. પ્રમાણિત સામાન્યયીકરણ માર્કઅપ ભાષા પાઠ પુનઃઉત્પાદિત કરી શકાય તેના વિશેથી નિશ્ચિતપણે વિરુદ્ધ છે પરંતુ તે પ્રલેખના વિશિષ્ટ માળખાને તથા પાઠમાં તત્ત્વોના ક્રમને બાંધી આપે છે.

ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા (HTML) સરખામણીમાં સરળ ભાષા છે અને HTML પદ HyperText Markup Languageના બદલે વપરાય છે. ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા (HTML) પૃષ્ઠ એ એક પ્રકારનું સાદું પૃષ્ઠ છે જેમાં માર્કઅપ - ચિહ્નાંકન ઉમેરાયેલ હોય છે. આ ચિહ્નાંકનમાં ઉચ્ચસ્તરીય પાઠના જોડાણો માટેના સંકેતોનો સમાવેશ કરવામાં આવે છે. કોઈ એક વ્યક્તિ તેની પાછળના મૂળભૂત સિધ્ધાંતો સમજે અને તેની મર્યાદાઓનો સ્વીકાર કરે તો તેનો ઉપયોગ સરળ બને છે.(Gorman Diannel)

## 11.4 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા(HYPER TEXT MARKUP LANGUAGE - HTML)

ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાએ સુવ્યવસ્થિત માળખાબદ્ધ માર્કઅપ ભાષા છે જેનો ઉપયોગ વેબપૃષ્ઠોના સર્જન માટે થાય છે. HTML જેવી માર્કઅપ ભાષાઓ માત્ર સંકેતો જેને તત્ત્વો તરીકે ઓળખવામાં આવે છે તેનો સંગ્રહ છે, જેનો ઉપયોગ પ્રલેખનું માળખું અને બંધારણ દર્શાવવા થાય છે. HTMLમાં તત્ત્વો આંકડા અને અક્ષરોરૂપે કોણીય કૌંસ જેવા કે <b>, <html>, <body> વગેરે ધરાવે છે.

મોટાભાગના તત્ત્વો બંધકોની જોડ ધરાવે છે. શરૂઆતનો બંધક અને અંતિમ બંધક દા.ત <b> એ શરૂઆત નો બંધક અને </b> અંતિમ બંધક છે. અંતિમ બંધક એ શરૂઆતના બંધક જેવું જ હોય છે પરંતુ તેની આગળ ત્રાંસી રેખા(/) હોય છે. તત્ત્વોની સૂચનાઓ શરૂઆતના બંધક અને અંતિમ બંધક વચ્ચે જે કોઇ પણ વિષયવસ્તુમાં પ્રયોજિત હોય તેના પૂરતી જ લાગુ પડે છે.

દા.ત. <b> આ પાઠ ઘાટો કરો ; </b> આ પાઠ ઘાટો ન કરો.

તત્ત્વોના નામ અક્ષરની સંવેદનાયુક્ત નથી. કોઈ તત્ત્વ જેમ કે <html> એ <html> ને સમકક્ષ જ છે. જો કે મોટા અક્ષર અથવા નાના અક્ષરમાંથી કોઈ પણનો ઉપયોગ HTMLના પ્રલેખને સમજવામાં અને જાળવવમાં સરળ બનાવે છે. તત્ત્વોના નામોમાં જગ્યા હોવી જોઈએ નહિ.

### 11.4.1 HTMLની પ્રસ્તાવના (Introduction to HTML)

HTML એ એવી ભાષા છે જેનાથી વેબપૃષ્ઠ તૈયાર કરવામાં આવે છે. HTML વેબ પ્રલેખને સરળ બનાવવામાં સહાય પ્રદાન કરે છે. HTMLના ઉપયોગ પાછળનો પ્રાથમિક હેતુ એવું વેબપૃષ્ઠ બનાવવાનું છે કે જે સંપૂર્ણ અને અસરકાર રીતે પ્રત્યાયન કરીને પ્રલેખની શોધ અને વાચનમાં સરળતા પ્રદાન કરે છે.

### 11.4.2 HTMLનાં લક્ષણો(Features of HTML)

HTML એ એક વિષયવસ્તુ આધારિત અથવા તો માળખાકીય માર્કઅપ ભાષા છે જેમાં સંકેતો પ્રલેખની વિષયવસ્તુ શું છે, તે વર્ણવે છે. આનો અર્થ એમ થાય છે

કે આ સંકેતો પ્રલેખના ઘણા ભાગો જેવા કે શીર્ષક, ફકરા, સૂચિ વગેરે દર્શાવવા થાય છે.

તેની સ્વતંત્ર ભૂમિકા છે, અર્થાત્ HTML પ્રલેખ એક કમ્પ્યૂટર પદ્ધતિમાંથી બીજા કમ્પ્યૂટર પદ્ધતિમાં સ્થળાંતર કરી શકાય છે.

HTML અંગે કેટલીક ગેરસમજ હોય છે.

→ HTML એ કોઈ પ્રોગ્રામીંગ ભાષા નથી. HTML પ્રલેખના માર્કઅપ ચિહ્નાંકન વિષયવસ્તુ વર્ણવે છે. તે પ્રક્રિયા કરવાની સૂચનાઓનો સમાવેશ કરતી નથી.

→ HTML એ પૃષ્ઠનો દેખાવ નથી. HTML બંધકો પ્રલેખના દેખાવ કરતાં તેના માળખા સાથે સંબંધ ધરાવે છે.

મૂળભૂત રીતે HTMLને આપણે પૃષ્ઠ દેખાવ ભાષા અને બંધારણીય ભાષા એમ બંને તરીકે જોઈ શકીએ. એક ઉદાહરણ તરીકે બંધક <H1> અર્થાત્ શીર્ષક બંધક સામાન્યરીતે બંધારણીય બંધક છે જે દર્શાવે છે કે પ્રથમક્રમનો શીર્ષકનો પાઠ સમાવેશ થયેલ છે. તે જ રીતે HTML ને <B> અર્થાત્ ઘાટા અક્ષર <1> અર્થાત્ ત્રાંસા અક્ષર વગેરે માળખાયુક્ત અથવા પૃષ્ઠ દેખાવના બંધકો છે.

HTMLના કેટલાંક પ્રાથમિક બંધકો, લક્ષણો અને સંકલ્પનાઓ નીચે વર્ણવેલી છે.

### 11.4.3 HTML માટેના સંપાદકો(Editor for HTML)

HTML એ સાદી પાઠ ફાઈલ છે જેને બંધકોના સર્જન માટે સરળ પાઠ સંપાદકની આવશ્યકતા હોય છે. તેમ છતાં એ અગત્યનું છે કે HTML પ્રલેખોનો .htmlચાર અક્ષરોનું વિસ્તરણ શું છે ? જ્યારે મોટા ભાગના સંપાદકો ત્રણ અક્ષરોને અનુમતિ આપે છે ત્યારે ફાઈલ વિસ્તરણ માટે ચાર અક્ષરોને સંપાદક તરીકે પસંદ કરવા અનુમતિ આપે તે અગત્યનું છે. MS-DOS ને આપણે HTMLની ફાઈલો લખવામાં સંપાદક તરીકે ઉપયોગ કરી શકીએ છીએ.

### 11.4.4 HTMLના નિયંત્રકોનું વ્યાકરણ(Syntax of HTML Commands)

સામાન્ય રીતે તમામ HTML નિયંત્રકોને આ પ્રમાણે સ્વરૂપ હશે.

<COMMAND> text </COMMAND>

અહીં બે મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ. (1) બધા જ નિયંત્રકો કોણીય કૌંસમાં જ દર્શાવવા જોઈએ. (2) બધા જ નિયંત્રકો જોડકામાં જ હોવા જોઈએ. જ્યાં <COMMAND> શરૂઆત દર્શાવે છે અને </COMMAND> અંત દર્શાવે છે.

### 11.4.5 વેબપૃષ્ઠનું કાર્યશીલ માળખું(Framework of a Web Page) વેબપૃષ્ઠનું કાર્યશીલ માળખું આ પ્રમાણે છે.

```
<HTML>
<HEAD>
<TITLE> Title of your Page </TITLE>
</HEAD>
<BODY>
તમારા વેબપૃષ્ઠનું માળખું આ પ્રમાણે છે.
</BODY>
</HTML>
```

સમજૂતી

<HTML> અને </HTML>, બ્રાઉઝર ને દર્શાવે છે કે તમારુ વેબપૃષ્ઠ HTML સંકેતોમાં છે.

<HTML> </HTML>, તમારા પૃષ્ઠનું શીર્ષક નું આવરી લે છે.

<BODY> </BODY> એ વેબપૃષ્ઠનો એવા ભાગ છે કે જે વાસ્તવિક રીતે પ્રદર્શિત થાય છે.

## 11.5 HTML ના પ્રાથમિક બંધકો(BASIC HTML TAGS)

HTML ના કેટલાંક પ્રાથમિક બંધકો કે જેમનો ઉપયોગ HTMLમાં પ્રલેખ વિકસાવવામાં થાય છે તે નીચે પ્રમાણે છે.

**ચિહ્નાંકન બંધક(Markup tag) :**

**HTML :** આ તત્ત્વ બ્રાઉઝરને જણાવે છે કે ફાઈલમાં માહિતી HTML સાંકેતિકરણ ધરાવે છે. ફાઈલનું વિસ્તરણ .html અને .htm પણ દર્શાવે છે કે પ્રલેખ HTML માં છે.

**Head :** head – શીર્ષક તત્વ તમારા પ્રલેખના પ્રથમ પ્રલેખનું શીર્ષક હોય છે. તમારું શીર્ષક બ્રાઉઝર વિન્ડોઝના ટાઈટલબાર પર દૃશ્યમાન થાય છે.

**Title :** શીર્ષક તત્વ તમારા પ્રલેખનું શીર્ષક ધરાવે છે અને વૈશ્વિક સંદર્ભમાં વિષયવસ્તુની ઓળખ કરે છે. આ શીર્ષક સામાન્ય રીતે બ્રાઉઝર વિન્ડોઝના શીર્ષક ભાગ પર ટાઈટલબારમાં દેખાય છે પણ વિન્ડોઝના આંતરિક ભાગ તરીકે નહિ. કોઈની hotlist અથવા bookmarks માં જે સૂચિ દેખાય તેને પણ શીર્ષક ગણવામાં આવે છે. તેથી તે ઉચિત છે કે કંઈક વર્ણનાત્મક, એકસૂત્રાત્મક અને પ્રમાણમાં ટૂંકુ શીર્ષક પસંદ કરવું. શીર્ષકનો ઉપયોગ શોધયંત્ર(જેવા કે Hot Bot અથવા Info Seek) માટે પણ થાય છે સામાન્ય રીતે શીર્ષક 64 અક્ષરો અથવા તેનાથી ઓછા અક્ષરોનું હોવું સલાહ ભર્યું છે.

**શરીર <BODY> :** HTML પ્રલેખનો બીજો અને સૌથી મોટો ભાગ Body(માળખું) છે. જે પ્રલેખની વિષયવસ્તુ ધરાવે છે.(બ્રાઉઝર વિન્ડોઝના પાઠ વિસ્તારમાં પ્રદર્શિત થાય છે) નીચે સમજાવેલ બંધકો, તમારા HTML પ્રલેખના Body(માળખું) ઉપયોગ થાય છે.

**શીર્ષક(headings) :** HTML ને 1થી 6 સુધીના સ્તરના શીર્ષકો હોય છે જેમાં શરૂઆત સૌથી મોટા 1 થી થાય છે. સામાન્ય પાઠના અક્ષરો કરતાં શીર્ષકના અક્ષરો મોટા અને / અથવા ઘાટા હોય છે. દરેક પ્રલેખમાં પ્રથમ શીર્ષક બંધક <H1> હોવું જોઈએ.

શીર્ષકનું વ્યાકરણ આ પ્રમાણે છે.

<Hy> Text of heading </Hy>

જ્યાં y એ 1 થી 6 સુધીનો હોય છે જે શીર્ષકના સ્તરનું સ્પષ્ટીકરણ કરે છે.

સામાન્ય રીતે HTML પ્રલેખમાં શીર્ષકોના સ્તર ઉપરથી કુદકામારી સરકી ન જવું સલાહ ભર્યું છે. ઉદાહરણ તરીકે <H1> શીર્ષક સાથે શરૂઆત ન કરવી અને ત્યારબાદ ત્રીજા સ્તરના શીર્ષક <H3>નો ઉપયોગ કરવો.

ઉદાહરણ તરીકે

```
<html>
<head>
<title> IGNOU Home Page </title>
</head>
<body> welcome to Home Page of Ignou is one of the open universities of
India providing distance education courses in different fields.
</body>
</html>
```

**ફકરાઓ(Paragraphs) :** મહદ્અંશે વર્ડ પ્રોસેસરથી વિરુદ્ધ ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાઓ HTMLમાં ફાઈલો પરત લાવવી એ નોંધપાત્ર નથી. હકીકતમાં જ્યારે ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષામાં પ્રલેખ બ્રાઉઝરમાં પ્રદર્શિત કરવામાં આવે છે ત્યારે, શબ્દો વચ્ચેની જગ્યા, લાઈને વચ્ચેની જગ્યા અને પરત પ્રાપ્ત કરેલ ફાઈલોની જગ્યા સહિત ઉપલબ્ધ ખુલ્લી જગ્યાને એક જ જગ્યામાં સઘન

ગોઠવણી કરવામાં આવે છે. પૃષ્ઠ કેવી રીતે પ્રદર્શિત થશે, તેને અસર કર્યા સિવાય શબ્દ આવરણ કોઈ પણ બિંદુએ થઈ શકે છે.

<P> Welcome the world of HTML

આ પ્રથમ પેરેગ્રાફ છે

જ્યારે ટૂંકમાં તે આ પ્રમાણે છે.

Still a paragraph ! </P>

સ્રોત ફાઈલમાં વાક્યો વચ્ચે લાઈન વિરામ(ખુલ્લી જગ્યા) હોય છે. વેબ બ્રાઈઝર આ ખુલ્લી જગ્યા અવગણો છે અને જ્યારે બીજો બંધક <P> પકડે ત્યારે નવો ફકરો શરૂ કરે છે.

અગત્યની બાબત : તમારે તત્ત્વો <P> દ્વારા ફકરો દર્શાવવો જોઈએ. સ્રોત ફાઈલમાં હાંસિયા અથવા ખાલી લાઈનો વેબ બ્રાઉઝર અવગણે છે. તત્ત્વો <P> સિવાય પ્રલેખ એક લાંબો પેરેગ્રાફ બને છે.(એક અપવાદ પાઠ અગાઉથી માળખાબદ્ધ બંધકોની રચેલ હોય જેનું વર્ણન નીચે આપેલ છે) ઉદાહરણ તરીકે, પ્રથમ ઉદાહરણનું નિર્ગમન નીચે પ્રમાણે હશે.

<H1> level-one heading </H1>

<P> welcome to the world of HTML. This is the first paragraph. While Short it is still a paragarph ! </P> <P> And this is the second paragraph </P>

નોંધ : અંતિમ બંધક રદ </P> કરી શકાય છે. તેનું કારણ એ છે કે, બ્રાઉઝર જયારે બંધક <P> ને પકડી કાઢે છે ત્યારે તેનો અર્થ અગાઉનો ફકરો પૂરો થાય છે તે સમજી શકે છે. તેમ છતાં હજુ પણ HTML <P> બંધક ને કેટલાંક લક્ષણો પ્રદાન કરી શકાય છે. સામાન્ય રીતે તેનો સમાવેશ કરવો એ સારો વિચાર છે.

<P> અને </P> નો ઉપયોગનો ફકરાનો ધરાવનાર તરીકે ઉપયોગ કરી શકાય છે તેનો વચ્ચે ફકરો ALIGN = alignment attribute in your source fileનો સમાવેશ કરી શકાય છે.

<P.N.P. ALIGNMENT = CENTER>

This is a centered parahraph.

ફકરાનું જમણી બાજુએ રેખાંકનને બદલે ALIGN = RIGHT લક્ષણનો સામવેશ કરીને શકય છે. ALIGN = LEFT એ આપમેળે રેખાંકન થાય છે. જો ALIGN લક્ષણનો સમાવેશ નહિ હોય તો ફકરો ડાબી બાજુએ રેખાંકન થશે જ.

**યાદીઓ(સૂચિઓ) Lists :** HTML બિનસંખ્યાંકિત, સંખ્યાકિત અને વ્યાખ્યાયિત યાદીઓને સહાય કરે છે. માળખાકીય - ગૂંથિત યાદીઓનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ આ લક્ષણનો ઉપયોગ કરકસર લાવી શકે છે કારણ કે ઘણાં ગૂંથિત એકમોને અનુસરવું મુશ્કેલ થઈ પડે છે.

**બિન સંખ્યાકિત યાદીઓ(Unnumbered Lists) :** બિન સંખ્યાંકિત યાદીઓ બનાવવા શરૂઆતમાં ચિહ્નો કરવાં(bulleted list) ખુલ્લી યાદી <UL> બંધકથી શરૂઆત કરો.(બિનસંખ્યાકિત યાદી) દાખલ કરો <L1>(યાદી એકમ) બંધક ત્યારબાદ વ્યક્તિગત એકમને અનુસરો, સમગ્ર યાદીના અંતે </L1> બંધક જરૂરી નથી. બંધ યાદી સાથે </UL> બંધક સાથે બંધ કરો.

નીચે ત્રણ યાદીવાળું ઉદાહરણ આપેલું છે.

<UL>

<L1> apples

<LI> banana

<LI> grapefruit

</UL>

નિર્ગમન apples, banana, grapefruit.

<L1> એકમો એક કરતાં વધુ ફકરાઓ ધરાવતા હોઈ શકે છે.(ફકરાઓમાં હોઈ શકે છે). પેરગ્રાફ, પેરેગ્રાફ બંધક <P> સાથે દર્શાવો.

**સંખ્યાંકિત યાદીઓ (numbered Lists) :** સંખ્યાંકિત યાદીઓ(જેને બંધક નામ દ્વારા ક્રમાંકિત યાદી તરીકે પણ ઓળખવામાં આવે છે) બિનસંખ્યાંકિત યાદીઓ જેવી જ છે સિવાય કે તે <UL> ને બદલે <OL> બંધકનો ઉપયોગ કરવામાં આવે છે. એકમો તે જ બંધક <L1> દ્વારા બંધિત કરાય છે. નીચેના HTMLના સંકેતો તેમના માટે છે.

<OL>

<L1> orange

<LI> peaches

<LI> grapes

</OL>

નીચેના માળખાં મુજબ નિર્ગમન પ્રાપ્ત થશે.

orange

peaches

grapes

**વ્યાખ્યાયિત યાદીઓ (Definition Lists) :** વ્યાખ્યાયિત યાદીઓ(જેનુ <DL> થી સંકેતિકરણ થાય છે. સામાન્ય રીતે વૈકલ્પિક વ્યાખ્યિત પદ(જેનું સાંકેતિકરણ <DT> થી થાય છે) અને વ્યાખ્યાયિત વર્ણન(જેનું સાંકેતિકરણ <DD> થી થાય છે) ધરાવે છે. વેબ બ્રાઉઝર સામાન્ય રીતે વ્યાખ્યાને નવી લાઈન અને નવા ખાંચાવાળા માળખામાં રજૂ કરે છે.

નીચેનું ઉદાહરણ વ્યાખ્યાયિત યાદીનું છે.

<DL>

<DL> IGNOU

<DD> IGNOU, Indira Gandhi National Open University is located in New Delhi.

<DT> II Sc

<DD> II Sc, the Indian Institute of Science is located in Benglore.

</DT>

નિર્ગમન આ પ્રમાણે જોવા મળશે,

IGNOU

IGNOU, Indiara Gandhi National Open University is located in New Delhi

IISc

IISc, the Indian Institute of Science is located in Benglore.

<DT> અને <DD> નોંધો એક કરતા વધુ પેરેગ્રાફ, (પેરેગ્રાફ બંધક દ્વારા દર્શાવવામાં આવે છે) યાદીઓ અથવા અન્ય વ્યાખ્યાની માહિતી ધરાવી શકે છે.

**ગૂંથિત યાદીઓ (Nested lists) :** યાદીઓને ગૂંથી શકાય છે. તમારી પાસે સંખ્યાબંધ પેરેગ્રાફ જે દરેક એક જ એકમ યાદીમાં ગૂંથિત યાદી ધરાવે છે. અહીં ગૂંથિત યાદીનું નમૂનો આપેલો છે.

<UL>

<LI> A few fruits

<UL>

<LI> Apple

<LI> Grapes

<LI> Banana

</UL>

<LI> Two citrus fruits

<UL>

<LI> Lime
<LI> Orange
</UI>
</UI>

ગૂંથિત યાદી આ પ્રમાણે પ્રદર્શિત થશે.

- A few fruits
  - Apple
  - Grapes
  - Banana
- Two Citrus fruits
  - Lime
  - Orange

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(4) HTML શું છે ? HTMLના કેટલાંક પ્રાથમિક બંધકો દર્શાવો.

નોંધ (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) આ એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

### 11.5.1 જોડાણ(Linking) :

ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ક્ષમતા પાઠ (HTML) અને/અથવા છાપની બીજા પ્રલેખ અથવા પ્રલેખના વિભાગ સાથે જોડવાની ક્ષમતામાંથી આવે છે. આ રીતે વેબ સ્રોતની જાળની ગૂંથણી થાય છે. બ્રાઉઝર પાઠ અથવા છાપને અલગ રંગ સાથે અને અથવા નીચે રેખાંકન દ્વારા ઉચ્ચસ્તરીય જોડાણને તારાંકિત કરે છે.

HTML નું એક જ ઉચ્ચસ્યતરીય પાઠ સંબંધિત બંધક <A> છે જે સૂત્રધારનું કાર્ય કરે છે. તમારા પ્રલેખમાં સૂત્રધારનો(anchor) સમાવેશ કરવા

(અ) <A સૂત્રધારથી શરૂઆત કરો.(A પછી જગ્યાનો સમાવેશ કરો.)

(બ) તમે જે પ્રલેખ જોડતા હોય તેને ધોરણો દાખલ કરીને સ્પષ્ટ કરો.

HREF = "file name" બાદ જમણી બાજુ કોણીય કૌંસથી બંધ કરો.

(ક) સાંપ્રત પ્રલેખમાં ઉચ્ચસ્તરીય પાઠ જોડાણ તરીકે સેવા આપતો હોય તે પાઠ દાખલ કરો.

(ડ) અંતિમ સૂત્રધાર બંધક </A> દાખલ કરો.(અંતિમ સૂત્રધાર બંધક પહેલાં જગ્યા જરૂરી નથી)

અહીં US.html ફાઈલમાં ઉચ્ચસ્તરીય પાઠ સંદર્ભ નો નમૂનો આપેલો છે.

<A HREF = "hello. html">Hello </A>

આ નોંધ, શબ્દ hello, hello.html પ્રલેખ સાથે ઉચ્ચસ્તરીય જોડાણ બનાવે છે જે પ્રથમ પ્રલેખ; જે નિર્દેશિકામાં છે, તેમાં જ તે છે.

**સાપેક્ષ માર્ગનામ અને નિરપેક્ષ માર્ગ નામ :** તમે પ્રલેખને અન્ય નિર્દેશિકા સાથે તમારા સાંપ્રત પ્રલેખમાંથી જોડાણવાળા પ્રલેખના સાપેક્ષ માર્ગનું સ્પષ્ટીકરણ કરીને જોડી શકો છો. દા.ત assam.html ફાઈલ ઉપનિર્દેશિકા tempમાં આવેલી છે. તેનું જોડાણ આ પ્રમાણે થશે.

<A HREF = "temp/assam.html">content </A>

આ સાપેક્ષ જોડાણ તરીકે ઓળખાય છે કારણ કે તમે તમારી સાંપ્રત ફાઈલના સ્થળેથી ફાઈલના માર્ગને સ્પષ્ટ કરો છો. તમે ફાઈલના નિરપેક્ષ માર્ગનામ(સંપૂર્ણ URL) નો પણ ઉપયોગ કરી શકો છો પરંતુ સાપેક્ષ જોડાણો સર્વરની શોધપ્રાપ્તિમાં વધુ કાર્યક્ષમ છે.

તેઓમાં તમારા પ્રલેખને વધુ સુગમતાથી સ્થળાંતર કરી આપવાનો લાભ પણ છે. ઉદાહરણ તરીકે તમે તમારા કમ્પ્યૂટર ઉપર એક જ ફોલ્ડરમાં કેટલાંક વેબપૃષ્ઠોનું એક પૃષ્ઠ નું બીજા સાથે સાપેક્ષ જોડાણનું ઉચ્ચસ્તરીય જોડાણોનો ઉપયોગ કરીને સર્જન કરી શકો છો, ત્યારબાદ તમારા વેબપૃષ્ઠોના સમગ્ર ફોલ્ડરને તમારા વેબ સર્વર ઉપર પ્રસ્થાપિત કરો છો. સર્વર ઉપરના તમારા પૃષ્ઠો, સર્વર ઉપરના બીજા પૃષ્ઠો સાથે જોડાણ કરશે અને હાર્ડડ્રાઈવની નકલો ત્યાં સંગ્રહાયેલ બીજા પૃષ્ઠોનું નિર્દેશન કરશે.

અત્રે નોંધવું આવશ્યક છે કે, UNIX એ અક્ષરો સાથે સંવેદનશીલ ચાલક પદ્ધતિ છે જ્યાં ફાઈલનામોને સંબંધ છે જ્યારે DOS અને MacOSને સંબંધ નથી. ઉદાહરણ તરીકે Macintoch ઉપર 'DOCUMENT.HTML'; Document, HTML અને document.html એક જ નામ છે. જો તમે સાપેક્ષ ઉચ્ચસ્ચરીય જોડાણ બનાવશો અને ફાઈલનું વાસ્તવિક નામ 'document.html' હશે તો જોડાણ માન્ય ગણાશે પરંતુ જો તમે તમારા પૃષ્ઠવેબ UNIX વેબ સર્વર ઉપર પ્રસ્થાપિત કરશો તો જોડાણ કાર્ય કરશે નહિ, પ્રસ્થાપિત કરતા પહેલાં ફાઈલના નામો ચકાસી ખામી કરો. માર્ગનામો પ્રમાણિત UNIX વાક્યરચનાનો ઉપયોગ કરે છે. માતૃનિર્દેશિકા(Parent directory) (જે નિર્દેશિકા સાંપ્રત નિર્દેશિકા ધરાવતી હોય તે માટે UNIX વાક્યરચના "...." છે.)

જો તમે assam.html ફાઈલમાં હતા અને INDIA.htmlના મૂળ પ્રલેખનો સંદર્ભ આપતા હતા, તો તમારું જોડાણ આ પ્રમાણે હશે.

<A HREF = "INDIA.html"> India </A>

સામાન્ય રીતે જ્યારે શક્ય હોય ત્યારે તમારે સાપેક્ષ જોડાણનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે,

→ એક સમૂહના પ્રલેખો ને બીજા સ્થળે લઈ જવા સરળ છે(કારણ કે સાપેક્ષ માર્ગ નામો હજુ પણ માન્ય છે.)

→ સર્વર સાથે જોડાણ કરવાથી વધુ કાર્યક્ષમ બને છે.

→ લખવાનું(ટાઈપ કરવાનું) ઘણું ઓછું થાય છે.

તેમ છતાં જ્યારે પ્રલેખોનું જોડાણ કે જે સીધી રીતે સંબંધિત હોય ત્યારે નિરપેક્ષ માર્ગ નામોનો ઉપયોગ કરવો. દા.ત જે ઉપભોક્તા હસ્તપ્રત(User's Manual) સમાવેશ કરતો હતો તેવા પ્રલેખોનો સમૂહ જોડાણ આ સમૂહમાં જોડાણ સાપેક્ષ જોડાણ સ્વીકારો બીજા પ્રલેખોનું જોડાણ(કદાચ સંબંધિત સૉટવૅર સંદર્ભ) માટે નિરપેક્ષ માર્ગનામોનો ઉપયોગ કરો. આ રીતે જો તમે ઉપભોકતા હસ્તપ્રતને બીજા નિર્દેશિકામાં લઈ જશો તો જોડાણ સુધારી શકાશે નહિ.

### 11.5.2 વેબ સ્રોતનું સરનામું(URLs)

વલ્ડ વાઈડ વેબ બીજા સર્વર ઉપર કોઈ પણ ફાઈલો સ્પષ્ટ કરવા વેબ સ્રોતના સરનામા(URLs)નો ઉપયોગ કરે છે. URL જે સ્રોત શોધવાના હોય તેનો(દા.ત.

Web, gopher, FTP) સર્વરનું સરનામું અને ફાઈલની જગ્યાનો સમાવેશ કરે છે. વાક્યરચના આ પ્રમાણે છે,

Scheme://host.domain[:port]/path/filename

જ્યાં Scheme નીચેનામાંથી એક છે.

file

a file on your location

ftd

a file on an anonymous FTP server

http

a file on world wide wed

gopher

a file on gopher server

WAIS

a file on a WAIS server

news

a Usenet news group

telnet

a Connection to a Telnet-based service.

**વિશિષ્ટ વિભાગનું જોડાણો(Links to Specific Section) :** ઉપર જવાને બદલે પ્રલેખમાં ખાસ વિભાગમાં વાચકને લઈ જવા પણ સૂત્રધારનો ઉપયોગ થઈ શકે છે.(તે જ પ્રલેખમાં કે જુદા પ્રલેખમાં) જે મુશ્કેલ છે. આ પ્રકારના સૂત્રધારને સામાન્ય રીતે નામાંકિત સૂત્રધાર તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે પ્રલેખની અંદર તમે HTML નામ દાખલ કરો છો.

તમે કોઈ વિશિષ્ટ વિભાગનું જોડાણ બીજા પ્રલેખમાં કરી શકો છો. તે માહિતી પ્રથમ પ્રદર્શિત થાય છે કારણ કે તે સમજ કે જે તે જ પ્રલેખમાં જોડાણ સમજવામાં મદદ કરે છે.

**જુદા પ્રલેખોના વિભાગો વચ્ચે જોડાણો(Links between Section of Different Documents) :** ધારો કે તમે પ્રલેખ A(document A. html) માંથી બીજા એક પ્રલેખ(delhi.html)માં જોડાણ કરવા માગો છો. નામાંકિત કરેલા સૂત્રધાર માટે HTML સંકેત દાખલ કરો.

document A. html

વધારામાં ઘણી સંસ્થાઓ Delhi is also home to

<a' href = "delhi.html#JNU"> Jawaharlal Nehru University </a>

# ચિહ્ન પછીના અક્ષરો delhi.html ફાઈલની અંદર આવેલ શીર્ષક આપવા માટે ઉપયોગ થઈ રહયો છે તે બ્રાઉઝરને જણાવે છે કે જ્યારે જોડાણ સક્રિય કરવામાં આવે ત્યારે ઉપર શું પ્રદર્શિત કરવું ? બીજા શબ્દોમાં બ્રાઉઝરના વિન્ડોની પ્રથમ પંક્તિમાં શીર્ષક Jawaharlal Nehru University હોવું જોઈએ.

બીજું નામાંકિત સૂત્રધારનું(અહીં ઉદાહરણમાં "JNU") delhi.html નું સર્જન કરવું જોઈએ.

<H2><A NAME = "JNU"> Jawaharlal Nehru University </aH2>

અહીં સ્થળમાં આ બંને તત્ત્વો વાચકને સીધા જ delhi.html માં JNU તરફ સીધા જ લઈ જશે.

નોંધ : જુદા પ્રલેખમાં વિશિષ્ટ વિભાગોનું જોડાણ થઈ શકતું નથી, સિવાય કે તે પ્રલેખ સંકેતિક સ્રોતમાં લેખિત અનુમતિ મેળવેલ હોય અથવા તે પ્રલેખ, નામાંકિત કરેલ સૂત્રધાર પ્રલેખમાં ધરાવતો હોય.

**સાંપ્રત પ્રલેખના વિશિષ્ટ વિભાગોનું જોડાણ(Links to Specific Section Within the Current Document) :**

આ તકનિક એક જ સરખી છે સિવાય કે ફાઈલનું નામ દૂર કરવામાં આવ્યું હોય. દા.ત. delhi.html માંથી સૂત્રધાર JNU નું જોડાણ કરવા માટે દાખલ કરો. આ વિશે વધુ માહિતી,

<A HREF = "JNU"> Jawaharlal Nehru University </a> આ પ્રલેખમાંથી પ્રાપ્ય છે.

બંધક <A NAME => માં તમારા પ્રલેખમાં જ્યાં તમે જોડાણ દ્વારા(<A NAME = "JNU"> Jawaharlal Nehru University) માં કુદકો મારવા માંગો છો તે સ્થળને સમાવેશ કરવાની ખાત્રી રાખો.

જ્યારે તમે વિચારો છો કે વાચક સમગ્ર પ્રલેખ છાપશે અથવા જ્યારે તમે એક જ ફાઈલમાં ઓન લાઈનમાં ઘણી ટૂંકી માહિતી મૂકવા માગો છો ત્યારે ખાસ કરીને નામાંકન કરેલ સૂત્રધારો ખૂબ જ ઉપયોગી થાય છે.

સંદેશો મોકલો લક્ષણ(Mailto Attribute) :

તમે વાચકને કોઈ એક ખાસ વ્યક્તિ અથવા ઉપનામ ધારીને વિજાણું સંદેશો ઉચ્ચસ્તરીય જોડાણમાં 'સંદેશો મોકલો લક્ષણ'નો સમાવેશ કરીને સરળતા કરી આપી શકો છો. આ માટેનું માળખું,

<A HREF = "mailto: emailinfo@host">Name </a>

દા.ત. દાખલ કરો.

<A HREF = "mailto: pubs@jnu.edu"> JNU Publications </a>

સંદેશાનું સર્જન કરવા બારી કે જેની અગાઉથી જ ગોઠવણી કરવામાં આવેલી છે. તેને JNU Publications સમૂહ ઉપનામ માટે બારી ખોલવામાં આવે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

(5) HTML પ્રલેખમાં સર્જન કરી શકાય તેવા જુદા જુદા પ્રકરાના જોડાણો દર્શાવો.

નોંધ (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) આ એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 11.6 ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષા અને બ્રાઉઝર(HTML AND BROWSER)

ઉચ્ચસ્તરીય પાઠ માર્કઅપ ભાષાના બંધક તરીકે જે કંઈપણ લખાય છે તેનું વેબ પ્રદર્શિત ફક્ત બ્રાઉઝર દ્વારા જોઈ શકાય છે. તેથી જ્યારે જરૂરિયાત હોય ત્યારે બ્રાઉઝરમાં બટન (કી) દબાવીને સતત રીતે વેબપૃષ્ઠો જોવા આવશ્યક છે. વિન્ડો આધારિત સંસ્કરણ તમને વિન્ડો સંપાદક(Window editor) અને બ્રાઉઝર વિન્ડો બંને સાથે ખુલ્લા રાખવા અનુમતિ આપે છે આ રીતે તેનો ઉપયોગ કરવો સરળ બનાવે છે(Gorman, Dianne). સાંપ્રત સમયમાં લોકપ્રિય વેબ બ્રાઉઝર આ પ્રમાણે પ્રાપ્ય છે. માઈક્રોસોફટનું ઈન્ટરનેટ એકસપ્લોરર, નેટ સ્કેપ કોર્પોરેશન દ્વારા નેટ સ્કેપ નેવીગેશન, મોઝીલા ફાઉન્ડેશન દ્વારા ફાયરફોક્સ, ઓપેરા સૉફ્ટવૅર દ્વારા ઓપેરા અને તેવા બીજા. આ બધા વેબ બ્રાઉઝર HTML, SGML અને XMLના બંધકો, તત્ત્વોને વેબ પ્રલેખોને યોગ્ય રીતે અને પ્રલેખનું વર્ણન ચોકસાઈથી પ્રદર્શિત કરે છે.

## 11.7 વિસ્તારશીલ માર્કઅપ ભાષા (EXTENSIBLE MARKUP LANGUAGE) (XML)

XML Specification Version 1.0(www consortium 2005) માં આપેલા સાર પ્રમાણે.

"વિસ્તારશીલ માર્કઅપ ભાષાએ SGMLનો ઉપસમૂહ છે તે સંપૂર્ણ રીતે આ પ્રમાણેમાં દર્શાવેલો છે. તેનો હેતુ વેબ ઉપર SGML વર્ગની સેવાઓ આપવા, પ્રાપ્ત કરવા અને પ્રક્રિયા કરવાનું એવી રીતે શક્ય બનાવ્યું છે કે આજે HTML, XML સાથે આંતરચાલકતા સરળ બનાવવું શક્ય બનેલું છે"

→ XML વિસ્તારશીલ માર્કઅપ ભાષાને બદલે વપરાય છે.

→ બંધારણીય રીતે HTML જેવી છે જે માર્કઅપ ભાષા છે.

→ ડેટાના વર્ણન માટે XMLની રચના કરવામાં આવી હતી.

→ XMLના બંધકો પૂર્વનિર્ધારિત નથી હોતા, તમે જાતે જ તમારા બંધકો વ્યાખ્યાયિત કરી શકો છો.

→ ડેટાના વર્ણન માટે DTD(Document Type Definition), XML ઉપયોગ કરી શકે છે.

→ XMLની સાથે DTD, સ્વ વર્ણનાત્મક બની શકે તે માટે રચના કરેલી છે.

### 11.7.1 XMLની જરૂરિયાત(Need for XML)

માર્કઅપનો વિચાર ખાસ પ્રકારના પ્રલેખ માટે બનાવવા માટે હતો. માર્કઅપ જે ભાષાઓ પાઠની પ્રક્રિયા કરવા સૂચના લઈ જાય છે તેને પ્રક્રિયાત્મક માર્કઅપ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ પાછળથી અનુભવ થયો કે માર્કઅપનો ઉપયોગ એક પદ્ધતિમાંથી બીજી પદ્ધતિમાં માહિતીની આપ-લે માટે પણ થઈ શકે છે. ચાલ્સ ગોલ્ડફર્બ, એડ મોસર અને રે લોરી જ્યારે કાયદા વિષય પ્રલેખો પર કાર્ય કરતાં હતાં ત્યારે તેમને સૌ પ્રથમ આ બાબતનો ખ્યાલ આવ્યો. તેમણે ઓળખવામાં આવે છે તેની રચના નીચેના અવલોકનોને આધારે કરી.

→ પ્રલેખ પ્રક્રિયા કાર્યક્રમને સામાન્ય પ્રલેખ માળખાને સહાય આપે તે જરૂરી હતું.

→ સામાન્ય માળખું તેમના નિર્ધારિત માટે જરૂરી હતું. દા.ત. કાયદાના પ્રલેખ અને,

→ ઉચ્ચ પ્રકારની વિશ્વસનીયતા પ્રાપ્ત કરવા, પ્રલેખ માળખાએ કેટલાંક વિશિષ્ટ નિયમોને અનુસરવું જોઈએ.

ઉદાહરણ તરીકે બંધારણનું ઉદાહરણ લઈએ.

| | | |
|---|---|---|
| From | : | Akkamahadevi |
| To | : | Suchitra Pattanayak |
| CC | : | Prasenjit Kar |
| Date | : | 27.01.2002 |
| Subject | : | Appointment Order |

We are extremely happy to inform you that you are selected as the coordinator of Knowledge managemant team.

જો આપણે આ પ્રલેખમાં જોઈશું તો આ પ્રલેખમાં છ ક્ષેત્રો જોવા મળશે.

→ કોણે આ પ્રલેખ મોકલ્યો.(the From : field)

→ કોના માટે આ પ્રલેખ છે.(the To : field)

→ કોને આ પ્રલેખની નકલ મોકલવામાં આવી છે.(the CC : field)

→ પ્રલેખ લખાયો તે તારીખ(the Date : field)

→ પ્રલેખનો વિષય(the Subject : field)

→ પ્રલેખનો સંદેશો.

તેથી જો આપણે આ પ્રલેખનું સ્થિર માળખું બનાવીએ તો જે કોઈ પ્રલેખ લખે તેને એક જ માળખાને અનુસરવું પડે છે. આ રીતે એક પદ્ધતિમાંથી બીજી પદ્ધતિમાં માહિતીનું સ્થળાંતર કરવામાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહિ કારણ કે પ્રલેખનું માળખું સુવ્યાખ્યાયિત છે. પ્રલેખના માળખાની વ્યાખ્યાને DTD(Document Type Definition) તરીકે ઓળખવામાં આવે છે.

ગોલ્ડફર્બ વધુમાં GML સુવ્યવસ્થિત કરે છે અને SGML(Standardized General Markup Language) તરીકે સૂચિત કરે છે જે 1986માં ISO(International Standard Organisation) દ્વારા માન્યતા પ્રાપ્ત થાય છે. આ ભાષા સ્વયં પોતે ભાષા ન હતી, પરંતુ અન્ય માર્કઅપ ભાષાઓના વિકાસ માટેની મેટાભાષા હતી. HTML એ SGMLનું ઉત્પાદન છે HTML માળખાની રચના કરવા માટે વધુ અનુસરે છે જેથી પ્રલેખમાં કયા પ્રકારના ડેટાનો સંગ્રહ કરવામાં આવ્યો છે ને જાણવું મુશ્કેલ છે. એકવાર આ મુશ્કેલી સમજાઈ જાય તો માહિતીના આદાન પ્રદાન માટે નિર્ધારિત વિશિષ્ટ બંધક જરૂરી લાગ્યાં હતાં. આ પ્રકારના બંધકો HTML માં વિકસાવવા શક્ય ન હતા. તેથી XML કરતાં SGMLની વધુ નજીક છે.

### 11.7.2 XMLના હેતુઓ(Objective of XML)

નીચેના હેતુઓ સાથે XMLનું વિશિષ્ટકરણ વિકસવામાં આવ્યું હતું.

→ ઈન્ટરનેટ ઉપર XML સીધી રીતે ઉપયોગ કરી શકાય.

→ XMLની સ્પર્ધા SGML સાથે થઈ શકે.

→ XMLની પ્રક્રિયા કરી શકે તેવા કાર્યક્રમ લખવા સરળ બની શકે.

→ પ્રોસેસર સરળતાથી પ્રલેખ વાંચી શકે.

→ XML પ્રલેખ માનવ દ્વારા વાચ્ય બની શકે અને વ્યાજબી રીતે સ્પષ્ટ બને.

→ XMLની રચના ઝડપથી તૈયાર કરી શકાય.

→ XMLની રચના ઔપચારિક અને ટૂંકી હોવી જોઈએ.

→ XML પ્રલેખનું સર્જન સરળતાથી થઈ શકે.

→ XMLમાં સંક્ષિપ્તતા ઓછી મહત્ત્વની હોય છે.

### 11.7.3 XMLનાં લક્ષણ(Features of XML)

અર્થસૂચકતાની જાળવણી કરવાની સમસ્યા XML દ્વારા સરળતા થી થઈ શકે છે. HTMLમાં ડેટાની અર્થસૂચકતા જાળવી સંગ્રહ કરવો એ સમસ્યા હતી. જ્યારે કોઈપણ વ્યક્તિ ઈન્ટરનેટ ઉપર રંગનાથન ઉપરના પુસ્તકો વિશે શોધ કરે છે ત્યારે શોધ યંત્ર રંગનાથન ઉપર નવા રંગનાથને લખેલા પુસ્તકો પરિણામ તરીકે બહાર લાવે છે આ બાબત પ્રશ્નની ગંભીરતા સમજાવે છે.

### 11.7.4 XML, HTML કરતાં કઈ રીતે જુદા પડે છે.(How XML is Different from HTML)

(i) XMLની રચના ડેટા સાથે અર્થસૂચકતા જોડવા થઈ હતી. HTMLને ડેટાની અર્થસૂચકતા અંગે કઈ કરવાનું રહેતું નથી, તે ફક્ત પૃષ્ઠ કેવી રીતે પ્રદર્શિત કરવું તે વ્યાખ્યાયિત કરે છે(અક્ષરો નો આહાર, રંગ વગેરે)

(ii) XML એ HTMLનું અવેજીમાં નથી. ઘણાંને એવી ગેરસમજ છે કે XML, HTML નું સ્થાન ગ્રહણ કરી લેશે, પરંતુ વાત જે પણ હોય અંતતઃ વાસ્તવિક પ્રદર્શિતતા તો HTML માળખા દ્વારા જ થાય છે.

(iii) XML એ માહિતીના વર્ણન માટે જ છે.

HTML એ માહિતીની પ્રદર્શિતતા માટે જ છે.

### 11.7.5 XMLના લાભ (Advantages of XML)

XML બધું કરી ન શકે.

XMLનું સર્જન માહિતીના માળખા માટે, તેના સંગ્રહ માટે અને તેના પ્રસારણ માટે થયું છે. XML બધું કરી શકે તે માટે થઈ નથી.

```
<? xml version = "1.0" encoding = "UTF- 8" ?>
-<book>
